# GUJARAT UNIVERSITY

**NAVRANGPURA, AHMEDABAD-380009**
**Phone: (+91)(079)26301341-2-3, 26300126**
**Website: www.gujaratuniversity.ac.in**
**Email ID: registrar@gujaratuniversity.ac.in**
**NAAC Accredited with Grade 'A+'**


## EMPLOYMENT NOTICE No.GU/Admin/2025-26

### EMPLOYMENT NOTIFICATION No. ADMIN-01 to ADMIN-23 & PH-ADMIN-24 TO PH-ADMIN-36

**Date:24/12/2025**

Gujarat University, Ahmedabad invites online applications for various **Administrative Post** of University in Prescribed Performa from the Qualified Citizens of India vide letter no. ED/1076/05/2025, dated: 29/05/2025 of Education Department, Gandhinagar & No. ED/MIS/e-file/3/2025/2912/KH-2 & Commissionerate of Higher Education, Gandhinagar vide letter no. આઈ.એસ.સી- ૦૭/અ.સ.પત્ર./ભરત/વશી/૨૦૨૫/૪૧૩૭, dated 22/12/2025 & the various provisions under "The Gujarat Public Universities Act-2023".

**Important Dates:**

| | |
|---|---|
| Date of Commencement of online Application | 29/12/2025 |
| Last date of online Application submission | 13/01/2026, 05:00 PM |

**Note** : Online Link will be activated on Date : 29/12/2025

**Processing Fees:**

Payment of Rs.750/-to be made Online only (non-refundable) for each post.

(Rs.500/-in case of candidate belonging to SC/ST/SEBC/EWS categories).

**For PwD Processing fee is NIL.**

**How to Apply:**

Apply online through the university's recruitment portal :

https://www.gujaratuniversity.ac.in/career

If, any candidate has any query, please mail us on estarecr@gujaratuniversity.ac.in

**<u>Additional Information</u>:**

- Separate application is required for each post, otherwise the application form will be rejected.
- Pay scales, Terms and Conditions of employment for the above positions will be in accordance with State Government norms.
- Detailed information regarding eligibility criteria, required documents, and other instructions can be found on the university website: https://www.gujaratuniversity.ac.in/career
- Applicants applying for the posts advertised vide **<u>No. ADMIN-01 to ADMIN-23 & PH-ADMIN-24 TO PH-ADMIN-36</u>** are not required to submit any hardcopy of the application.
- Dates and timings for the Examination, interview or both will be declared and published on the University website.
- The Gujarat University reserves all rights to make any kind of changes or modifications in the contents of this advertisement or otherwise.

# Gujarat University, Ahmedabad

**EMPLOYMENT NOTICE No.GU/Admin/2025-26**

**EMPLOYMENT NOTIFICATION No. ADMIN-01 to ADMIN-23 & PH-ADMIN-24 TO PH-ADMIN-36**

**Date: 24/12/2025**

Gujarat University, Ahmedabad invites online applications for the **Administrative** Posts in Prescribed Performa from the Qualified Citizens of India.

## Details of Various Administrative Posts with Pay Scale, Pay Level & Category

| Sr.No | Adv. No. | Name of the Posts | Pay Scale | Pay Level | No. of Total Post | Category |
|---|---|---|---|---|---|---|
| 1 | ADMIN-01 | Registrar | 144200 | 14 | 1 | UR |
| 2 | ADMIN-02 | Director (Academic Staff College) | 131100 | 13 A | 1 | UR |
| 3 | ADMIN-03 | Director (College Development Council) | 131100 | 13 A | 1 | UR |
| 4 | ADMIN-04 | Chief Account Officer | 67700 | 11 | 1 | UR |
| 5 | ADMIN-05 | Director of Physical Education | 67700 | 11 | 1 | UR |
| 6 | ADMIN-06 | Librarian | 67700 | 11 | 1 | UR |
| 7 | ADMIN-07 | Press Manager | 67700 | 11 | 1 | UR |
| 8 | ADMIN-08 | Assistant Registrar | 56100 | 10 | 1 | ST |
| 9 | ADMIN-09 | Lady Medical Officer (Health Centre) | 56100 | 10 | 1 | UR |
| 10 | ADMIN-10 | University Engineer | 56100 | 10 | 1 | UR |
| 11 | ADMIN-11 | Accounts Officer | 44900 | 8 | 1 | UR |
| 12 | ADMIN-12 | P.A. to V.C. | 44900 | 8 | 1 | UR |
| 13 | ADMIN-13 | P.A to Registrar | 44900 | 8 | 1 | UR |
| 14 | ADMIN-14 | Deputy Engineer (Civil) (Fixed Pay for First Five Years) | 39900 (Rs.49,600/- Fix PM) | 7 | 1 | UR |
| 15 | ADMIN-15 | Technical Assistant (Library) (Fixed Pay for First Five Years) | 39900 (Rs.49,600/- Fix PM) | 7 | 1 | UR |
| 16 | ADMIN-16 | Field Work Assistant (Fixed Pay for First Five Years) | 35400 (Rs.40,800/- Fix PM) | 6 | 1 | UR |
| 17 | ADMIN-17 | Sr. Pharmacist Health Centre (Fixed Pay for First Five Years) | 35400 (Rs.40,800/- Fix PM) | 6 | 1 | UR |
| 18 | ADMIN-18 | Laboratory Technician (Fixed Pay for First Five Years) | 29200 (Rs.40,800/- Fix PM) | 5 | 1 | UR |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 19 | ADMIN-19 | Security Officer<br>(Fixed Pay for First Five Years) | 29200<br>(Rs.40,800/-<br>Fix PM) | 5 | 1 | UR |
| 20 | ADMIN-20 | Compounder<br>(Fixed Pay for First Five Years) | 25500<br>(Rs.26,000/-<br>Fix PM) | 4 | 1 | UR |
| 21 | ADMIN-21 | Senior Clerk<br>(Fixed Pay for First Five Years) | 25500<br>(Rs.26,000/-<br>Fix PM) | 4 | 7 | SC-01<br>ST-02<br>SEBC-02<br>UR-02 |
| 22 | ADMIN-22 | Junior Clerk<br>(Fixed Pay for First Five Years) | 19900<br>(Rs.26,000/-<br>Fix PM) | 2 | 84 | SC-06 (W-02)<br>ST-11 (W-03)<br>SEBC-20 (W-06)<br>EWS-08 (W-02)<br>UR-39(W-13) |
| 23 | ADMIN-23 | Laboratory Assistant<br>(Fixed Pay for First Five Years) | 19900<br>(Rs.26,000/-<br>Fix PM) | 2 | 2 | UR-01<br>SEBC-01 |

# Note : W - Means Women Seat

## PwD Posts (PH-ADMIN-24 TO PH-ADMIN-36)

| Sr No | Advt.No | Name of the Post | Pay Scale | No. of Post | Category |
|---|---|---|---|---|---|
| 24 | **PH ADMIN-24** | Deputy Registrar | 67,700-2,08,700<br>PML-11 | **1 (PH)** | 01 (B,LV) |
| 25 | **PH ADMIN-25** | Programmer | 56100-1,77,500<br>PML-10 | **1 (PH)** | 01 (B,LV) |
| 26 | **PH ADMIN-26** | Warden (Hostel)<br>(Fixed Pay for First Five Years) | 39,900-1,26,600<br>PML-7<br>(Rs.49,600/- Fix PM) | **1 (PH)** | 01<br>(LV) |
| 27 | **PH ADMIN-27** | Jr. Superitendent (Head Clerk)<br>(Fixed Pay for First Five Years) | 35,400-1,12,400<br>PML-6<br>(Rs.40,800/- Fix PM) | **1 (PH)** | 01 (B,LV) |
| 28 | **PH ADMIN-28** | Stenographer Gr.II<br>(Fixed Pay for First Five Years) | 35,400-1,12,400<br>PML-6<br>(Rs.40,800/- Fix PM) | **1 (PH)** | 01 (B,LV) |
| 29 | **PH ADMIN-29** | Storekeeper (Lab)<br>(Fixed Pay for First Five Years) | 29,200-92,300<br>PML-5<br>(Rs.40,800/- Fix PM) | **1 (PH)** | 1 (D,HH) |
| 30 | **PH ADMIN-30** | Assistant Compose Foreman<br>(Fixed Pay for First Five Years) | 25,500-81,100<br>PML-4<br>(Rs.26,000/- Fix PM) | **1 (PH)** | 01<br>(LV) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 31 | **PH ADMIN-31** | Electric Wireman<br>(Fixed Pay for First Five Years) | 25,500-81,100<br>PML-4<br>(Rs.26,000/- Fix PM) | **1 (PH)** | 1 (D,HH) |
| 32 | **PH ADMIN-32** | Sr. Operator<br>(Fixed Pay for First Five Years) | 35,400-1,12,400<br>PML-6<br>(Rs.40,800/- Fix PM) | **1 (PH)** | 01 (B,LV) |
| 33 | **PH ADMIN-33** | Jr. Clerk<br>(Fixed Pay for First Five Years) | 19,900-63,200<br>PML-2<br>(Rs.26,000/- Fix PM) | **4 (PH)** | 01 (B,LV)<br>01 (D,HH)<br>02<br>(OA, OL, BA, BL, OAL, CP, LC, DW, AAV, Mdy, SD, SI) |
| 34 | **PH ADMIN-34** | Laboratory Assistant<br>(Fixed Pay for First Five Years) | 19,900-63,200<br>PML-2<br>(Rs.26,000/- Fix PM) | **1 (PH)** | 01 (LV) |
| 35 | **PH ADMIN-35** | Telephone Operator<br>(Fixed Pay for First Five Years) | 19,900-63,200<br>PML-2<br>(Rs.26,000/- Fix PM) | **1 (PH)** | 01 (B,LV) |
| 36 | **PH ADMIN-36** | Key Punch Operator<br>(Fixed Pay for First Five Years) | 19,900-63,200<br>PML-2<br>(Rs.26,000/- Fix PM) | **1 (PH)** | 01 (LV) |

- Disability Abbreviation
  (B=Blind, LV=Low Vision, HH=Hard of Hearing, OA=One Arm, OL=One Leg, OAL/OLA=One Arm & One Leg, BL=Both Leg, BLOA=Both Legs & One Arm, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, Dw=Dwarfism, AAV=Acid Attack Victims, SLD=Specific Learning Disability, MI=Mental Illness, MD=Multiple Disability, MDy=Muscular Dystrophy, ASD=Autism Spectrum Disorder, D=Deaf, BA=Both Arm, DF=Spine Deformity, SI=Spine Injury, ID=Intellectual Disability, M=Mild, Mod=Moderate)
- PwD Benchmark Disability is decided by Education Department, Government of Gujarat Resolution No. PRCh/152024/CHE-33/KH, 03-06-2024.

## સામાન્ય સૂચનાઓ અને શરતો:

1. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતાં પહેલા સબંધિત જગ્યાના નિયત શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર અંગેની તમામ બાબતોમાં લાયકાત ધરાવે છે કે કેમ? તે અંગેની ખાત્રી કર્યા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.
2. ફક્ત ભારતીય નાગરિકત્વ ધરાવતા ઉમેદવારો જ અરજી કરી શકશે. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
3. નોકરી કરતા ઉમેદવારોએ ના વાંધા પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.
4. ઉમેદવારે સંબંધિત જગ્યા માટે જાહેરાતમાં દર્શાવવામાં આવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઓનલાઇન અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે
5. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા/નોન ક્રિમીલેયર સર્ટી/ દિવ્યાંગતા સર્ટીફિકેટ તથા અન્ય જરૂરી લાયકાત ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.
6. ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.
7. પસંદગી પામનાર ઉમેદવારે ગુજરાત સરકારશ્રીના વખતો-વખતના CCC/CCC* (Course on Computer Concepts)ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરેલ છે તે મુજબ CCC/CCC+ ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.
8. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦/(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના લાગુ પડશે.
9. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભરતી પ્રક્રિયા અંગેની કોઇપણ પ્રકારની માહિતી માગતી આર. ટી. આઈ. એક્ટ હેઠળની કોઇપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
10. રાજ્ય સરકાર/યુનિવર્સિટી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા નિયમો અરજદારોને લાગુ પડશે.
11. પસંદગી પામેલ ઉમેદવારને યુનિવર્સિટી જે કોઇ વધારાની જવાબદારી કોઇપણ વિભાગમાં સોંપશે તે નિભાવવાની રહેશે.
12. ઉમેદવારના નામમાં, અટકમાં જો કોઈ તફાવત હોય તો (લગ્ન નોંધણી પ્રમાણપત્ર/ગવર્મેન્ટ ગેઝેટ) અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા અપલોડ કરવાના રહેશે.
13. ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો-૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી, તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ્ કરી પડતો મુકી શકાશે. નિમણૂંક બાબત યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.
14. ઉમેદવારોએ યુનિવર્સિટી તરફથી લેખિત/ઓનલાઈન પરીક્ષા/રૂબરૂ મુલાકાતનુ આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.
15. ઉપરોક્ત તમામ જગ્યાઓ રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટીના પ્રવર્તમાન અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવાપાત્ર રહેશે.
16. લેખિત/ઓનલાઈન સ્પર્ધાત્મક પરીક્ષા કે ઇન્ટરવ્યૂ સંદર્ભની તેમજ ત્યારબાદની તમામ સુચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ પર આપવામાં આવશે. જાહેરાતની સંલગ્ન તમામ સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પર વખતોવખત પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી અરજી કરેલ ઉમેદવારોને યુનિવર્સિટીની વેબસાઇટ નિયમિત જોતા રહેવા જણાવવામાં આવે છે.
17. જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા જણાય તેવા સંજોગોમાં આ અંગેનો યુનિવસિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.
18. યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે અપલોડ કરવાના રહેશે.

19. ન્યાયિક કાર્યવાહી માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ પુરતુ મર્યાદીત રહેશે.
20. જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની પરીક્ષાનું માળખું હવે પછી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.
21. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેના પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમાણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઇમુશ્કેલ ન અનુભવાય.

**(A) શૈક્ષણિક લાયકાત:**

1. ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત ભારતની સંસદ કે રાજય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઇપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એકટ ૧૯૫૬ના સેકશન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
2. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક-દાવો સ્વીકારવામાં આવશે નહીં.
3. ઉમેદવાર માર્કશીટની પાછળ આપવામાં આવેલ ગુણાંકન પત્રકની પણ માર્કશીટની નકલ અપલોડ કરવાની રહેશે.
4. જે ઉમેદવારોને વિદેશી યુનિવર્સિટીઓમાંથી ડિગ્રી આપવામાં આવી છે તેઓએ એસોસિએશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટી, નવી દિલ્હી દ્વારા કરાયેલ "Equivalence Certificate" અપલોડ કરવાનું રહેશે.
5. પસંદ કરેલ ઉમેદવારોની નિમાણુંક લેખિત કરાર, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૩ના કાયદાઓ હેઠળ કરવામાં આવશે.
6. પસંદ થયેલ ઉમેદવારો યુનિવર્સિટી તેમજ રાજય સરકારના વખતોવખતના નિયમો the Act/Statues/Ordinance/Regulations દ્વારા સંચાલિત થશે. સમયાંતરે સુધારા તરીકે અને યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓના વર્તનને જાળવવા માટે ખાસ નિર્ધારિત કોઇપણ નિયમો /ઠરાવો કરી શકાશે.

**(B) અનુભવઃ**

1. માંગવામાં આવેલ અનુભવ Online અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીનો ગણવામાં આવશે.

**(C) પસંદગી પ્રક્રિયા:**

1. જાહેરાતમાં દર્શાવેલ ADMIN-01 to ADMIN-23 & PH-ADMIN-24 to PH-ADMIN-36 પસંદગી પ્રક્રિયા તથા તે અંગેનું માળખું હવે પછી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.
2. સદર જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે નિયત પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.
3. પસંદગી પ્રક્રિયા, અજમાયશી સમય, ઉંમરમાં છુટછાટ અને લાયકાતના ધોરણો 'ધ ગુજરાત પબ્લિક યુનિવર્સીટીઝ એક્ટ, ૨૦૨૩', ગુજરાત સરકાર તથા ગુજરાત યુનિવર્સિટીના વખતોવખતના નિયમોને આધિન રહેશે.
4. સેલ્ફ ફાઈનાન્સ સંસ્થા/કોલેજનો અનુભવ ધરાવતા ઉમેદવારોએ તેમના અનુભવના આધાર-પુરાવા તરીકે યુનિવર્સિટીની મંજુરી (લાગુ પડતુ હોય તો), સેલરી સ્લીપ, સેલરી બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ તથા જેટલા સમયનો અનુભવ બતાવ્યો હોય તેટલા સમયના ઈન્કમટેક્ષ રીર્ટન રજૂ કરવાના રહેશે.

**(D) યુનિવર્સિટી જે કોઈ ઉમેદવારને નીચે મુજબની બાબતોમાં કે અન્ય બાબતોમાં દોષિત ઠેરવશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.**

1. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલેકે યુનિવર્સિટીના કોઈ અધિકારી/ કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે.
2. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે.
3. ખોટી અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેમની અરજીઓ રદ કરવામાં આવશે.

4. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે.
5. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે.
6. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખાણ માટે.
7. OMR/ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થતી હોય તેવા પ્રયાસ કરવા.
8. પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે.
9. પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીમાં રોકેલા કર્મચારીઓ સાથે સીધી કે આડકતરી રીતે કનડગત કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે.
10. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇ પણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોયતો તે ફોજદારી કાર્યવાહીપાત્ર  થવા ઉપરાંત (ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) (૧) યુનિવર્સિટી સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈ પણ રૂબરૂ મુલાકાતમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ માટે ગેરલાયક/બાબત કરી શકાશે.
11. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ્ થવાને પાત્ર બનશે.

**(E) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્ કરવામાં આવશે.**

(આ યાદી માત્ર ઉદાહરણરૂપ છે. જે સંપૂર્ણ નથી.)

1. નિયત કરેલ પધ્ધતિ મુજબ અરજી કરેલ ન હોય.
2. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે વિસંગત હોય.
3. અરજીમાં ઉમેદવારની સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો ન હોય.
4. અરજી ફેક્સથી, કુરિયર તેમજ ઇ-મેઈલથી મોકલાવેલ હોય.
5. ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય.
6. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગની જાતિ તેમજ દિવ્યાંગતા નું પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળા વર્ગો અંગેનું પ્રમાણપત્ર અરજી સાથે અપલોડ કરેલ ન હોય.
7. જે અરજીઓનું ઓનલાઈન ફાઈનલ સબમીશન કરેલ નહિ હોય તે અરજીઓ રદ કરવામાં આવશે.
8. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદની શૈક્ષણિક લાયકાત મેળવેલ હોય તેવી  અરજીઓ પણ ધ્યાને લેવાશે નહિ.

**(F) ગેરવર્તણૂંકઃ**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇ પણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં. તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી. ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈ પણ સંજોગોમાં સુધારો કે ફેરફાર અથવા બીજા કોઈ પણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવાં ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં. જો એક પણ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલોમાં કોઇ પણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતાઓ જણાય તો તેની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ પણ ઉમેદવાર યુનિવર્સિટી દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો યુનિવર્સિટીના નિયમો અથવા તો ગુજરાત સરકારશ્રીના નિયમો અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાને પાત્ર બનશે.

# દિવ્યાંગ ઉમેદવારો:

1. દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.
2. દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રક્રમાંક: પરચ-૧૦૨૦૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયમત થયેલ નમૂનામાં અથવા રાજ્ય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલસર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અચૂક અપલોડ કરવાની તેમજ જરૂર પડે હાર્ડકોપી યુનિવર્સિટી ને મોકલાવવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહી આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.
3. દિવ્યાંગ અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના(બિનઅનામત/અનુ.જાતિ/અનુ. જનજાતિ/સા.શૈ.પ.વર્ગ/ આ.પ.વર્ગ) ઉમેદવાર હશે, તે  જ કેટેગરીના ગણવામાં આવશે.
4. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્ર. સીઆરઆર-૧૦૨૦૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ની જોગવાઈ મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.

Sd/-

કા. કુલસચિવ
ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ

નં.એકા-૧/ ૭૧૩૯૪/૧/૨૦૨૫
અમદાવાદ
તારીખ :  ૨૪/૧૨/૨૦૨૫

**નકલ સવિનય રવાના:**

(૧) અધ્યક્ષશ્રી/વડાશ્રી,અનુસ્નાતક ભવન/વિભાગ,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૨) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. (યુનિ. વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા)

(૩) એમ્પલોયમેન્ટ અધિકારી, જિલ્લા એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ, અમદાવાદ.

(૪) ડેપ્યુટી ચીફ, યુનિવર્સિટી એમ્પલોયમેન્ટ માહિતી અને ગાઈડન્સ બ્યુરો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૫) આચાર્યશ્રી, સંલગ્ન કૉલેજો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૬) વડાશ્રી, યુનિવર્સિટી કાર્યાલયના વિભાગો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૭) અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫,૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૮) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૨, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

*******************

**Annexure-I**

To,
The Registrar
Gujarat University
Navrangpura
Ahmedabad–380009
Gujarat, India.

Endorsement by the Employer

(In case of in-service candidates, whether in permanent/ contract / temporary capacity, the application must be endorsed / forwarded by the Head of the Department / Employer, failing which application is liable to be rejected.)

The applicant Dr/Mr/Mrs/Ms ___________________________________ who has submitted this application for the post of ______________________ at the Gujarat University, Ahmedabad has been working in this organization namely ______________________________________ (Name of College/Institute/University) as _________________________ (name of the designation), in a temporary / contract / permanent capacity with effect from ____________ in the Pay Scale/ Pay Matrix Level of ______________________. He/She is drawing a basic pay of Rs.________ and gross salary _____________. His/Her next increment is due on _________. Further, it is certified that no disciplinary / vigilance case has ever been held or contemplated or is pending against the said applicant.
I declare that the above statement made by the applicant are correct to the best of my knowledge and belief. I have "No Objection" to his/her applied and selected for the concerned post in the Gujarat University, Ahmedabad-380009, Gujarat (India).He/She will be relieved.

________________________________________
(Signature of the Forwarding Officer with Seal)

Place: _______________ Name: ______________________________

Date: _______________ Designation: _________________________